# કુંથલગિરિ

નામ તથા એડ્રેસ : શ્રી દિગમ્બર જૈન સિદ્ધક્ષેત્ર કુંથલગિરિ
વાયા વાર્શી, તા. ભૂમ જિ. ઉસ્માનાબાદ (મહા.)

આવાગમન... રેલ્વે સ્ટેશન–કુર્દૂવાડી–૬૦ કિ.મી.
બસ સ્ટેન્ડ–ભૂમ-૧૨ કિ.મી., કુંથલગિરિ ફાટા–૩ કિ.મી.

પહોંચવાનો સરળમાર્ગ... વાયા ઉસ્માનાબાદ સડક રસ્તે ૬૦ કિ.મી.

નજીકનું શહેર.... ઉસ્માનાબાદ-૬૦ કિ.મી..

નજીકના તીર્થક્ષેત્ર... તેર–૬૦ કિ.મી., સાવરગાંવ–૧૦૦ કિ.મી.
કચનેર–૧૬૫ કિ.મી., પૈઠણ–૧૩૫ કિ.મી.

તીર્થ પર ઉપલબ્ધ સુવિધાઓ—

આ સિદ્ધક્ષેત્રમાં ૮૯ રૂમોવાળી ધર્મશાળા છે. જેમાં ૯ રૂમ અટેચ્ડ બાથરૂમવાળા છે તથા ૧૦૦ યાત્રિઓની ક્ષમતાવાળો એક હૉલ છે. યાત્રિઓ માટે ભોજનશાળા ચાલુ છે.

❋ આ સિદ્ધક્ષેત્ર કુલભૂષણ અને દેષભૂષણ મુનિઓની મોક્ષભૂમિ છે. પર્વત ઉપર ૭ મંદિર અને તળેટીમાં ૪ મંદિર છે. તળેટીમાં નેમિનાથ, મહાવીરસ્વામી, રત્નત્રય અને સમવસરણ મંદિર છે. પર્વત ઉપર કુલભૂષણ–દેશભૂષણમંદિર, શાંતિનાથમંદિર, બાહુબલી મંદિર, આદિનાથમંદિર, અજિતનાથમંદિર તથા નંદીશ્વરમંદિર જિનાલય છે.